**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૯ ટકા



પાટનગરના પ્રવેશદ્વારે સેક્ટર-૧માં આવેલા સમદર્શન આશ્રમની પાવન ભૂમિ પર પરમ કલ્યાણકારી ભગવાન શ્રી કૃપાનિધિ મહાદેવ પ્રતિષ્ઠિત છે. શનિવારે ભગવાન શ્રી કૃપાનિધિ મહાદેવનો ૧૩ મો પાટોત્સવ હતો. પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીની કરુણાથી કૃપાનિધિ મહાદેવ મંદિરમાં સાધકો દ્વારા જ શોડષોપચાર પૂજન વિધિ કરવામાં આવે છે. સવાર-સાંજ સાધકો જ પૂજારી રૂપે ભગવાનના શણગાર અને આરતી આદી પૂજા-અર્ચના કરે છે. શનિવારે પાટોત્સવ પ્રસંગે સમદર્શન આશ્રમના જ સાધકો કાનનબેન પટેલ અને ડૉ. મનાલી પટેલ દ્વારા કૃપાનિધિ મહાદેવના વિશેષ શણગાર કરવામાં આવ્યા હતા. મહાદેવના અર્ધ નારેશ્વર સ્વરૂપના દર્શનનો ભાવિક ભક્તોએ લાભ લીધો હતો.

# પનઘટ કલા કેન્દ્ર દ્વારા શહેરના જન્મ દિવસની અનોખી ઉજવણી

## ગાંધીનગરના ૫૬માં જન્મ દિવસ પ્રસંગે પનઘટ કલાકેન્દ્ર દ્વારા કોરોનાની મહામારીમાં જરૂરીયાતમંદોને દસ હજાર માસ્ક અને એક હજાર સેનિટાઈઝર બોટલનું વિતરણ કરવામાં આવ્યુ









ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં ભાવિન પટેલના માર્ગદર્શનમાં રાસ-ગરબા અને લોકનૃત્યની સક્રિય સંસ્થા પનઘટ કલાકેન્દ્ર દ્વારા રાસ-ગરબા અને તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત અનેક સમાજ ઉપયોગી સેવાઓ અને કાર્યો થતા રહ્યા છે. પ્રતિવર્ષ ગાંધીનગરના જન્મ દિવસે એક અનોખું કરવાનો શ્રેય 'પનઘટ કલાકેન્દ્ર'ને જાય છે. ગત વર્ષે આ જ દિવસે નગરના ચાર યુવાન સંગીતકારોનો નગર રત્ન એવોર્ડથી સન્માનવામાં આવ્યા. તેની અગાઉના વર્ષોમાં શાળામાં પુસ્તક વિતરણ, વૃક્ષારોપણ, ગરીબ બાળકોને કપડા વિતરણ વગેરે અનેકવિવિધ પ્રવૃત્તિઓ 'પનઘટ' દ્વારા થતી આવી છે.

ચાલુ વર્ષે કોરોનાની મહામારીમાં પનઘટ કલા કેન્દ્ર દ્વારા ભાવિન પટેલના માર્ગદર્શનમાં દસ હજારથી વધુ માસ્ક અને એક હજાર સેનિટાઈઝર બોટલનું જરૂરીયાતમંદોને વિતરણ કરવામાં આવ્યું.

૨ ઓગષ્ટની સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર પ્રણવભાઈ પટેલ, બરખાબેન જહા, ભાજપ અગ્રણી ધવલભાઈ દવે વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી, પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ સેવાકાર્યમાં 'પનઘટ કલા કેન્દ્ર'ના સભ્ય સર્વ જયદિપસિંહ સોલંકી, ચકાભાઈ દેસાઈ, અંકિતભાઈ પટેલ, મેહુલ ભોજક, જીનલ દખણી, દિપક વ્યાસ, મિતિ ભટ્ટ, ફોરમ તન્ના, દિશા ત્રિવેદી, પ્રેરણા તિવારી, ભાવિકાબા રહેવર, નિધિ હુદાણી, કૃપા પટેલ, નૈસર્ગી જોષી, ધરતી કંદોઈ, કેતા દેસાઈનો સહકાર મળ્યો હતો.

# ખેડુત પરિવારોએ પાટનગરના જન્મદિવસની ઉજવણી કાળા દિવસ તરીકે કરી

ગાંધીનગર, તા.૨

પાટનગરના ૫૬માં જન્મ દિવસની સાદગીપૂર્ણ રીતે ઉજવણી તંત્ર અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે ત્યારે રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા પાટનગરના જન્મદિવસને કાળા દિવસ તરીકે મનાવવામાં આવ્યો હતો.

અસરગ્રસ્ત કિસાન મંડળના પ્રમુખ લાલભાઈ પટેલ જણાવે છે કે પાટનગર બન્યાને સાડા પાંચ દાયકાનો સમય વિતી ગયો છે તેમ છતા ખેડુત પરિવારોના અધિકારો માટે અમારે લડત ચલાવવી પડે છે. આ લડતમાં ખેડુત પરિવારોને આજદિન સુધી તંત્ર તરફથી અધિકારના નામે ફકત આશ્વાસન મળતા રહ્યા છે. પાટનગરના જન્મદિવસે પણ ખેડુત પરિવારોને યાદ કરવામાં આવતા નથી. વહીવટી તંત્રના અધિકારીઓ પાટનગરની ઉજવણી નાગરીકો સાથે મળી કરે છે તે સમયે જરુરી પ્રસંગને અનુરુપ વકતવ્ય પણ આપવામાં આવે છે, પરંતુ તેમાં પાટનગર માટે જમીનો આપી તે ખેડુત પરિવારોનો ઉલ્લેખ પણ કરાતો નથી. ત્યારે સૌ અસરગ્રસ્ત ખેડુત પરિવારોએ રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ ગાંધીનગરની ઓફિસ ખાતે પાટનગરના જન્મદિવસને ઈતિહાસમાં કાળાદિવસ તરીકે મનાવ્યો છે. ખેડુત પરિવારોની વ્યથા અને તંત્રની અસરગ્રસ્ત પરિવારો માટેની નિરાશાવાદની નિતી સમાજ અને તંત્રને ધ્યાને આવે તે માટે આ ઉજવણી કરવામાં આવી હતી તેમ મંડળના પ્રમુખ લાલભાઈ પટેલે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કાનજીભાઈ ગણેશભાઈ, ઉ.વ. ૯૧, સે-૨૩, ગાંધીનગર
- સ્વ. દિલીપસિંહ નેનસિંહ વાઘેલા, ઉ.વ. ૭૦, સે-૨૭, ગાંધીનગર
- સ્વ. અમૃતબેન હિંમતસિંહ બિહોલા, ઉ.વ. ૬૧, સે-૨૫, ગાંધીનગર

# સે-૧૩ બગીચા પાસેથી ૧૧ પેટી વિદેશી દારૂ ભરેલી ઈકો ઝડપાઈ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ગાર્ડન પાસેથી સેકટર-૭ પોલીસે ૧૧ પેટી વિદેશી દારૂ ભરેલી ઈકો ગાડી સાથે એક શખ્સને પકડી પાડ્યો છે. પોલીસે રૂ.૪૯,૫૦૦નો ૧૩૨ બોટલ દારૂ, એક મોબાઈલ અને રૂ.૨.૫૦ લાખની ઈકો ગાડી મળી કુલ રૂ. ૩,૦૪,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.





પેથાપુર પોલીસે પુન્દ્રાસણ ચાર રસ્તા નજીકથી બાતમીને પગલે એક યુવકને દારૂના ૩ નંગ કવાટર સાથે પકડી પાડ્યો હતો. જેથી પોલીસે રૂ.૩૦૦ ની કિંમતનો દારૂ જપ્ત કરી દશરથજી કાંતીજી ઠાકોર (ઉં.૩૦ મોટી આદરજ)સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને દારૂ ની હેરફેર અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે શનિવારના રોજ મોડી સાંજે સેકટર-૧૩ બગીચા પાસેથી જી.જે.૨૪.એકસ.-૧૩૪૫ નંબરની ઈકો ગાડી પકડી પાડી હતી. પોલીસે ઈકો ચેક કરતા તેમાંથી ૧૧ પેટી વિદેશી દારુની મળી આવી હતી. પોલીસે ઈકો ચાલકનું નામ પુછતા તેણે વનરાજ અમૃતજી ઠાકોર (ઉં.૨૨) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે દારૂના જથ્થો ક્યાંથી લાવ્યો તે અંગે પુછપરછ કરતા વનરાજે કહ્યું હતું કે ચેતનસિંહ નામના શખ્સે તેને પુન્દ્રાસણ ખાતેથી દારૂ ભરેલી ઈકો કાર આપી હતી અને સેકટર-૧૩ ખાતે પહોંચીને ફોન કરવાનું કહેવામાં આવ્યું હતું. પોલીસે ૧૩૨ બોટલ વિદેશી દારુ કિં.૪૯,૫૦૦ તેમજ મોબાઈલ ફોન નં-૧ કિ.૫ હજાર, ઈકો કાર કિં.૨.૫૦ લાખ મળી કુલ રૂ.૩,૦૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. પોલીસે ચેતનસિંહને વોન્ટેડ જાહેર કરીને તેની શોધખોળ શરુ કરી છે.



ગાંધીનગર પ્રકૃતિ સાથે વિકસિત થયેલું શહેર છે અને આ શહેરમાં પ્રકૃતિ પ્રેમીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. જેઓનું હૃદય શહેરમાં એક પણ વૃક્ષ કપાય તો પણ દ્રવિત થઈ ઉઠે છે. જો કે કેટલીકવાર વૃક્ષની ડાળીઓ નડતરરૂપ જોખમી હોય ત્યારે તેનું ટ્રીમીંગ કરવું જરુરી હોય છે. પરંતુ શહેરના ચ માર્ગ પરથી સેકટર-૮માં પ્રવેશવાના માર્ગના ખૂણે એક ઘટાદાર વૃક્ષની નમી પડેલી ડાળીઓનું ટ્રીમીંગ એવી રીતે કરી નાખવામાં આવ્યું છે કે જેના કારણે વૃક્ષ સમુળગું કાપી નાંખ્યું હોય તેવી હાલત થવા પામી છે જે નિહાળી પ્રકૃતિપ્રેમીઓમાં આઘાત સાથે રોષની લાગણી પ્રવર્તવા પામી છે.

# દરેક બાળકની ગ્રહણશકિત તેની માતૃભાષામાં જ શ્રેષ્ઠ હોય છે !!

## ગાંધીનગરના શિક્ષિકા ડો. ચેતના બુચે વર્ષ ૨૦૧૪માં જ પાંચ હજાર બાળકોનો સર્વેક્ષણ કરી સાબિત કર્યું હતું કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં હોવું જોઈએ : કેન્દ્ર સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ધો-૫ સુધીનું શિક્ષણ માતૃભાષામાં ફરજિયાત કર્યું છે




ગાંધીનગર, તા.૨

ભારત સરકારે ૩૪ વર્ષના અંતરાળ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં મુકી છે જેને આમ તો સાર્વત્રિક આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે પરંતુ માત્ર વૈશ્વિકરણના ઓજસથી અંજાઈને આંધળુ અનુકરણ કરવાની હોડ લગાવતા દેખાદેખીનો શિકાર વાલીઓ જેઓ પોતાના કુમળા બાળકોને કાચી વયે અંગ્રેજી માધ્યમમાં ભણાવવા મોહાંધ થયેલાં છે તેમના મોંઢા જરૂર કટાણા થઈ ગયા હશે કેમ કે નવી શિક્ષણ નીતિમાં સૌથી મહ્ત્વનો મુદ્દો એ છે કે હવે બાળકને ધોરણ-૫ સુધીનું પ્રાથમિક શિક્ષણ ફરજિયાત માતૃભાષા અથવા રાષ્ટ્રભાષામાં આપવાનું રહેશે. અંગ્રેજી માધ્યમ અને માતૃભાષાનો ગજગ્રાહ ઘણા વર્ષોથી ભારતમાં ચાલી રહ્યો હતો અને અંગ્રેજી ભાષાના વધતા પ્રભુત્વને કારણે આ દેશમાં 'ભારત' અને 'ઈન્ડિયા' એવા તફાવત ધરાવતી બે પેઢીઓ સ્પષ્ટ અલગ પડી જવા પામી છે જે ખાઈ નવી શિક્ષણ નીતિ લાંબે ગાળે જરૂર પુરી શકશે. જો કે ગાંધીનગરના એક શિક્ષિકાએ થોડાક વર્ષો પૂર્વે જ આ મુદ્દે રાજયના લગભગ તમામ જિલ્લાના બાળકોને આવરી લઈ પાંચ હજાર બાળકોનું સર્વેક્ષણ કરી એક સંશોધન પત્ર તૈયાર કર્યું હતું જેમાં તેમણે અંગ્રેજી માધ્યમ કરતા ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ વધુ તેજસ્વી હોવાનું સાબિત કરવા સાથે તે સમયે જ તેમણે બાળકોનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ તેવી સચોટ હિમાયત કરી હતી.

ગાંધીનગરની શેઠ સી.એમ. સ્કૂલના પ્રવર્તમાન આચાર્યા ડૉ. ચેતના બુચ જયારે શાળામાં માત્ર અંગ્રેજીના શિક્ષિકા તરીકે જ કાર્યરત હતા ત્યારે તેઓ જયાં કાર્યરત છે તે કડી સર્વ વિદ્યાલય કેમ્પસની અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના બાળકોના વાલીઓ તેમની પાસે પોતાના બાળકનું પ્રવેશ ફોર્મ ભરાવવા માટે આવતા હતા. આ દરમિયાન એકવાર એવું બન્યું કે એક માતા તેમના બાળકનું રિપોર્ટ કાર્ડ લઈને આવ્યા જેમાં શિક્ષિકાએ લખ્યું હતું કે 'બ્રીંગ ધ ટેબલ ટુમોરો' અર્થાત બાળકને બીજા દિવસે શાળામાં ઘડિયાનું પત્રક જેને આપણે 'દેશી હિસાબ' તરીકે ઓળખીએ છીએ તે લઈને આવવા માટે સૂચના આપી હતી. આ માતાએ આવીને પુછયું કે 'બહેન આ તમે શાળામાં ટેબલ કેમ મંગાવ્યું છે? અને અમારે કેવડું ટેબલ મોકલવાનું છે, નાનું કે મોટું?' આ ઘટના પછી ડૉ. ચેતના બુચને થયું કે જે વાલીઓને અંગ્રેજીમાં આટલી સાદી સમજ પણ નથી તેઓ પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં કેવી રીતે ભણાવતા હશે? આ સાથે તેમને પોતાની પીએચડી માટે સંશોધનનો વિષય પણ મળી ગયો. વર્ષ ૨૦૧૦માં તેમણે પોતાના પીએચડીનું સંશોધન કાર્ય શરૂ કર્યું જેમાં તેમણે સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓને આવરી લીધા અને પાંચ હજાર બાળકોના પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કર્યો. સામાન્ય રીતે પીએચડી કરનાર તેની થીસીસ ત્રણેક વર્ષમાં પૂર્ણ કરી દે પરંતુ આ કાર્ય માટે ચેતના બુચને સાડા પાંચ વર્ષનો સમય લાગ્યો હતો. શરૂઆતમાં તેમના ગાઈડ આર.ડી. મૂલિયા હતા જે એક વર્ષમાં નિવૃત્ત થઈ જતા બાકીનું સંશોધન કાર્ય તેમણે ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શનમાં કર્યું હતું અને તેમનો અભિપ્રાય પણ એવો જ હતો કે 'આ વિષય ખુબ લાંબો છે, જલ્દી કોઈ પસંદ ના કરે.' આમ છતાં ચેતના બુચે તે પૂર્ણ કરી પીએચડીની ગૌરવપૂર્ણ પદવી હાંસલ કરી હતી.

પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરના સેકટર-૧૬ની સરકારી શાળામાં પ્રાપ્ત કર્યા પછી હાલ જયાં તેઓ આચાર્યા પદે બિરાજમાન છે તેજ શેઠ સી.એમ. સ્કૂલમાં અભ્યાસ કરી સરકારી કોલેજમાં અંગ્રેજી વિષય સાથે સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી મેળવ્યા પછી ચેતના બુચે અમદાવાદની દલાલ કોલેજમાંથી બીએડ પુરું કર્યું અને બીએડના પરિણામના બીજા જ દિવસે તેમને શેઠ સી.એમ. સ્કૂલમાં ૧૯૯૬માં અંગ્રેજીના હંગામી શિક્ષિકા તરીકે નોકરી પ્રાપ્ત થઈ ગઈ હતી. પોતાની નોકરી દરમિયાન જ તેમણે એમ.એડ. અને એમ.ફિલ.ની પદવી પણ હાંસલ કરી લીધી હતી અને વર્ષ ૨૦૧૦માં તેમણે ડૉકટરેટ ઓફ ફિલોસોફી એટલે કે પીએચડી માટે 'ગુજરાતમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે તફાવત' વિષય પસંદ કર્યો હતો. પોતાની શિક્ષિકા તરીકેની ૨૩ વર્ષની નોકરી દરમિયાન વિદ્યાર્થીઓના બોર્ડમાં અને સેન્ટરમાં નંબર આવે તે માટે ચેતના બુચ સતત પ્રયત્નશીલ રહેતા હતા. એક વર્ષે તો ગાંધીનગર સેન્ટરના ટોપ-૧૦માં તમામ ૧૦ વિદ્યાર્થીઓ શેઠ સી.એમ. સ્કૂલના હતા જેમાંથી ૨ના નંબર તો બોર્ડના ટોપ-૧૦માં આવ્યા હતા અને આ તમામ વિદ્યાર્થીઓએ તેમના માનીતા શિક્ષિકા ચેતના બુચ પાસેથી અંગત તાલીમ પ્રાપ્ત કરી હતી. પોતાના વિદ્યાર્થીઓમાં શિસ્તના આગ્રહી હોવા સાથે શુધ્ધ ઉચ્ચારો સાથે સુતરાઉ ગુજરાતી સાડીમાં હંમેશા ટટ્ટાર સીના સાથે આત્મ વિશ્વાસથી છલકતાં ગૌરવભેર ઝડપી ચાલે ચાલતા અને આંખોમાં ચમક સાથે ધીમા અવાજે પરંતુ સ્પષ્ટ વકતાની છાપ ધરાવતા ચેતના બુચ તેમના પિતા અરૂણભાઈ બુચ તરફથી સેવાનો વારસો પ્રાપ્ત કરી ગાંધીનગરની વિવિધ સંસ્થાઓમાં કાર્યરત રહ્યા છે. જેમાં જયોતિ મહિલા મંડળ, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સંસ્કૃતિ, શિવરંજની વગેરેનો સમાવેશ થાય છે. તેઓ મોટા કાર્યક્રમોમાં એનાઉન્સર તરીકે પણ પ્રસંશનીય કામગીરી બજાવી જાણે છે અને તે સાથે રસોઈકળા અને ગૃહ સજાવટમાં પણ નિષ્ણાંત છે. તેમણે ઘણી કવિતાઓ, લગ્નગીતો અને મંગળાષ્ટકો લખ્યા છે અને હાલ ધો-૧૨ના બોર્ડમાં પેપર મૂલ્યાંકનમાં મોડરેટર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત સચિવાલય મહિલા સમિતિ, વિધાનસભા મહિલા જાતીય સતામણી સમિતિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત વગેરે સાથે પણ સંકળાયેલા છે અને હાલ તેઓ પોતે જયાં ભણ્યા હતા તે શેઠ સી.એમ. સ્કૂલમાં જ આચાર્યા તરીકે સેવા આપી રહ્યા છે.





જે સંશોધન કાર્ય થકી તેઓ ડૉ. ચેતના બુચ તરીકે ઓળખાઈ રહ્યા છે તેમાં તેમણે તારણ કાઢયા હતા કે જાપાન, ફ્રાન્સ, જર્મની, રશિયા સહિત વિશ્વના મોટા ભાગના રાષ્ટ્રોમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવે છે. બાળક જયારે જન્મ લે તે પછી તેના કાને પહેલી માતૃભાષા પડે છે અને તે તેની માતૃભાષામાં જ રડે છે, સ્વપ્ન પણ માતૃભાષામાં જ જુએ છે. તેમના મતે માતૃભાષામાં ભણતું બાળક શિક્ષણને ઝડપથી ગ્રહણ કર છે. માતૃભાષા સિવાય અન્ય ભાષામાં પ્રાથણિક શિક્ષણ મેળવતા બાળકનો વિકાસ રૂંધાય છે કેમ કે તેને માનસિક બોજ પડે છે જેમ કે ગુજરાતી બાળક જયારે અંગ્રેજી માધ્યમમાં ભણે છે ત્યારે શરૂઆતમાં શિક્ષકો હીન્દીનો ઉપયોગ કરી ભણાવે છે જેના કારણે બાળક પર ત્રણ ભાષાનો બોજ પડે છે. શિક્ષક જે ભણાવે તેને સાંભળી મનમાં માતૃભાષામાં ટ્રાન્સલેટ કરે છે અને સમજવા પ્રયત્ન કરે છે. આ સંશોધન બાદ તેમણે સ્પષ્ટ મત વ્યકત કર્યો હતો કે બાળકને ધો-૧૦ સુધીનું શિક્ષણ માત્ર માતૃભાષામાં જ આપવું જોઈએ અને અંગ્રેજીને ભાષા તરીકે નહી એક વિષય તરીક જ ભણાવવી જોઈએ કેમ કે બાળકની ગ્રહણશકિત માતૃભાષામાં જ શ્રેષ્ઠ હોય છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com